www.gsebonline.com

*This Question Paper contains 8 Printed Pages]*

# N-10 (G)

**(MARCH, 2008)**

***Time : 3:00 Hours]***

સૂચનાઓ :

1. આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે. અને કુલ **54** પ્રશ્નો છે.
2. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પ્રશ્ન નં. **53** નકશાપૂર્તિનો છે. તેમાં અંધ વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.
4. નવો વિભાગ નવા પાનાથી લખો.

www.gsebonline.com
www.gsebonline.com

## <u>વિભાગ - A</u>

નીચે આપેલા **1** થી **15** હેતુલક્ષી પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો એક ગુણ છે. આપેલા વિકલ્પોમાંથી **15** સાચો વિકલ્પ (A, B, C, D) પસંદ કરીને લખો.

**1.** ભારત શાંતિ અને સહિષ્ણુતાને વરેલો દેશ છે, તેનું જીવંત દષ્ટાંત ક્યું છે ?

A) બિન સાંપ્રદાયિકતા　　B) સભ્યતા

C) હડપ્પીય સંસ્કૃતિ　　D) વસુધૈવ કુટુંબકમ્

**2.** 'સંગીત રત્નાકર' ગ્રંથના કર્તા કોણ હતા ?

A) પંડિત સારંગદેવ　　B) પંડિત અહોબલ

C) પંડિત વિષ્ણુ નારાયણ　　D) નારદ

**3.** ભારતનું એવું કયું મંદિર છે કે જેનો છાંયડો ક્યારેય ધરતી પર પડતો નથી ?

A) કોણાર્કનું　　B) બૃહદેશ્વરનું

C) મહાબલિપુરમનું　　D) કૈલાસનાથનું

www.gsebonline.com
www.gsebonline.com



www.gsebonline.com

www.gsebonline.com



4. પ્રાચીન ભારતનો સર્વપ્રથમ ઐતિહાસિક ગ્રંથ .............. છે.

A) 'પૃથ્વીરાજ રાસો' B) 'હર્ષચરિત'

C) 'વિક્રમાદેવ ચરિત' D) 'રાજતરંગિણી'

5. 'ગણિત શાસ્ત્રના પિતા' કોને કહેવામાં આવે છે ?

A) આર્યભટ્ટ B) બ્રહ્મગુપ્ત

C) ભાસ્કરાચાર્ય D) ચરક

6. ચાંપાનેરને કઈ સંસ્થાએ વૈશ્વિક વારસા તરીકે જાહેર કર્યું છે ?

A) યુનિસેફ B) યુનેસ્કો

C) વિશ્વ આરોગ્ય સંસ્થા D) સંયુક્ત રાષ્ટ્રો

7. કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ક્યાં રાજ્યમાં આવેલું છે ?

A) અસમ B) કર્ણાટક

C) ઉત્તરાંચલ D) મધ્યપ્રદેશ

8. ગુજરાતનો કયો પ્રદેશ 'સોનેરી પાનનો મુલક' કહેવાય છે ?

A) ચરોતર B) કાનમ

C) કચ્છ D) ભાલ

9. નીચેનામાંથી કયા સ્થળે સોફ્ટવેર પ્રૌદ્યોગિકી પાર્ક નથી ?

A) ચેન્નઈ B) જમશેદપુર

C) બેંગલોર D) કોલકતા

www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com



www.gsebonline.com

www.gsebonline.com



10. ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ભારતનું સ્થાન વિશ્વમાં કેટલામું છે ?

A) પહેલું B) બીજું

C) ચોથું D) પાંચમું

11. આર્થિક દૃષ્ટિએ ભારત કેવો દેશ છે ?

A) પછાત B) અલ્પ વિકસિત

C) વિકસિત D) વિકાસશીલ

12. ઈ. સ. 1991 ની ઔદ્યોગિક નીતિ દ્વારા કરાયેલા સુધારાઓમાં નીચેનામાંથી કઈ એક બાબત નહોતી ?

A) ખાનગીકરણ B) રાષ્ટ્રીયકરણ

C) ઉદારીકરણ D) વૈશ્વિકીકરણ

13. ખેતી પર આધારિત ચીજવસ્તુ પર કયો માર્કો લગાડવામાં આવે છે ?

A) ISI B) ISO

C) એગમાર્ક D) BIS

14. કયું પરિબળ વ્યક્તિ, સમાજ અને દેશના વિકાસને અવરોધતું પરિબળ છે ?

A) જ્ઞાતિવાદ B) પ્રદેશવાદ

C) ભાષાવાદ D) સાંપ્રદાયિકતા

15. કેટલા વર્ષથી ઓછી ઉંમરના બાળકને બાળમજૂર કહેવાય ?

A) 14 વર્ષ B) 16 વર્ષ

C) 18 વર્ષ D) 21 વર્ષ

www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com



www.gsebonline.com

www.gsebonline.com



## વિભાગ - B

નીચે આપેલા16 થી 30 પ્રશ્નોના ગુણ સરખા છે. દરેકનો એક ગુણ છે, જેના ઉત્તર એક વાક્યમાં લખો. **15**

16. કઈ કોમના ભરતગૂંથણના નમૂના ગુજરાતની ગૂંથણકળાની અદભૂત સિદ્ધિ ગણાય છે ?

17. નૃત્યના દેવાધિદેવ કોણ હતા ?

18. શિલ્પકલા એટલે શું ?

19. પારાની ભસ્મ બનાવી તેની ઔષધ તરીકે વાપરવાની ભલામણ કોણે કરી હતી ?

20. દેવોના પ્રથમ સ્થપતિ કોણ ગણાય છે ?

21. અનવીનીકરણ સંસાધનો એટલે શું ?

22. વનવિકાસને પ્રોત્સાહન આપવા ભારતમાં કયો પુરસ્કાર આપવામાં આવે છે ?

23. ઉદ્યોગોના વિકાસ માટે ક્યાં ક્યાં ભૌગોલિક પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે ?

24. સોડાએશના ચાર ઉપયોગ જણાવો.

25. આજે ભારત કઈ ગંભીર અને જટીલ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે ?

26. રૂપિયાની પરિવર્તનશીલતા એટલે શું ?

27. રાજકોશીય નીતિ એટલે શું ?

28. ગુજરાતમાં 'વિદ્યાલક્ષી બોન્ડ' અને 'વિદ્યાદીપ' જેવી યોજનાઓના અમલનો આશય શું છે ?

29. લઘુમતી પંચની સ્થાપનાનો મુખ્ય હેતુ જણાવો ?

30. સાક્ષર વ્યક્તિ કોને કહેવાય ?

www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com



www.gsebonline.com

www.gsebonline.com



## વિભાગ - C

નીચે આપેલા **31** થી **42** પ્રશ્નોના ગુણ સરખા છે. તે દરેકના **2** ગુણ છે. વિકલ્પો આંતરરિક છે. માગ્યા મુજબ જવાબ લખો. **24**

**31.** પ્રાચીન ભારતીય કાષ્ઠકલાનો ટૂંકમાં પરિચય આપો.

**32.** પ્રાચીન ભારતે ધાતુવિદ્યામાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો.

અથવા

પ્રાચીન ભારતે ખગોળવિદ્યામાં આપેલું પ્રદાન જણાવો.

**33.** કોણાર્કના સૂર્યમંદિરની ટૂંકમાં માહિતી લખો.

**34.** મહાબલિપુરમ્‌ની વિશેષતાઓ જણાવો.

**35.** આપણી બધી જ પ્રવૃત્તિઓ ભૂમિ આધારિત છે – કારણ આપો.

**36.** ચૂનાના પત્થરના ઉપયોગો જણાવો.

**37.** અંકલેશ્વર તેલક્ષેત્રની માહિતી આપો.

**38.** સૌર ઊર્જાની જરૂરિયાત ભવિષ્યમાં ખૂબજ ઊભી થશે એમ શા પરથી કહી શકાય ?

અથવા

કોલસાના કયા કયા પ્રકારો છે ? આ પ્રકારો કેવી રીતે પાડવામાં આવે છે ?

**39.** આર્થિક વૃદ્ધિ અને આર્થિક વિકાસ વચ્ચેનો તફાવત સમજાવો.

**40.** ભારતને નવી ઔદ્યોગિક નીતિ અમલમાં મૂકવાની આવશ્યકતા શાથી ઊભી થઈ ?

અથવા

વૈશ્વિકીકરણ સાથે કઈ કઈ બાબતો સંકળાયેલી છે ?

**41.** આતંકવાદ અને બળવાખોરી વચ્ચેનો તફાવત સમજાવો.

**42.** સરકારે ભ્રષ્ટાચાર રોકવા માટે કયા કયા ઉપાયો કર્યા છે ?



www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com

www.gsebonline.com



## વિભાગ - D

નીચે આપેલા **43** થી **49** પ્રશ્નોના ગુણ સરખા છે. તે દરેકના **3** ગુણ છે. વિકલ્પ આંતરિક છે. માગ્યા મુજબ જવાબ લખો. **21**

**43.** પ્રાચીન ભારતમાં આવેલી વિદેશી પ્રજાઓનું 'ભારતીયકરણ' કેવી રીતે થયુ તે વર્ણવો.

**અથવા**

પ્રાકૃતિક વારસાના એક અંગ તરીકે નદીઓનું મહત્ત્વ સમજાવો.

**44.** મોહેં-જો-દડોના સ્નાનગૃહની માહિતી આપો.

**45.** જંગલોનું પર્યાવરણીય મહત્ત્વ સમજાવો.

**46.** જળ વ્યવસ્થાપન માટે કઈ કઈ બાબતો ધ્યાન રાખવી જોઈએ ?

**અથવા**

વૃષ્ટિ જળસંચયના મુખ્ય હેતુઓ જણાવો.

**47.** ભારતના ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ વિશે માહિતી આપો.

**48.** ગ્રાહક સુરક્ષા મંડળોનાં કાર્યો જણાવો.

**અથવા**

આવશ્યક ચીજવસ્તુઓનો ધારો શું છે ?

**49.** ગુજરાતમાં મહિલા સશક્તિકરણ ક્ષેત્રે હાથ ધરેલા કાર્યો જણાવો.

www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com



www.gsebonline.com

www.gsebonline.com



## વિભાગ - E

નીચે આપેલા **50** થી **54** પ્રશ્નોના ગુણ સરખા છે. તે દરેકના **5** ગુણ છે. માગ્યા મુજબ જવાબ લખો. **25**

**50.** ગુજરાતી ગદ્ય-પદ્ય સાહિત્ય વિશે માહિતી આપો.

**51.** ભારતની વિવિધતામાં એકતા વિશે સમજ આપો.

અથવા

'સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ માટે એક નાગરિક તરીકે આપણા કર્તવ્ય' – ઉપર તમારા વિચારો રજૂ કરો.

**52.** ભારતમાં કૃષિક્ષેત્રે આવેલા સંસ્થાગત સુધારાઓ જણાવો.

**53.** તમને આપેલા ભારતનાં નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે, યોગ્ય સ્થાને દર્શાવો.

i) શેરડી પકવતો એક પ્રદેશ

ii) કૃષ્ણરાજ સાગર યોજના

iii) લોખંડ મળતું હોય એવું એક ક્ષેત્ર

iv) રાસાયણિક ખાતર-ઉદ્યોગનું એક કેન્દ્ર

v) દિલ્હીથી મુંબઈનો સુવર્ણ ચતુર્ભુજ માર્ગ – એક શહેરના નામ સાથે.

www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com



www.gsebonline.com

www.gsebonline.com



www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com
www.gsebonline.com

## ફક્ત અંધ વિદ્યાર્થીઓ માટે

**53.** નકશાપૂર્તિના બદલે નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

i) ભારતમાં સૌથી વધુ શેરડી ક્યા રાજ્યમાં પાકે છે ?

ii) કૃષ્ણરાજ સાગર યોજના કઈ નદી ઉપર આવેલી છે ?

iii) લોખંડ મળતું હોય તેવા એક રાજ્યનું નામ જણાવો.

iv) રાસાયણિક ખાતર ઉદ્યોગના એક કેન્દ્રનું નામ લખો.

v) દિલ્લીથી મુંબઈ જતાં સુવર્ણ ચતુર્ભુજ માર્ગ ઉપર આવતા બે શહેરોના નામ લખો.

**54.** ગરીબી ઘટાડવા માટે સરકારે હાથ ધરેલા વિવિધ ઉપાયો જણાવો.

**અથવા**

શ્રમશક્તિના આયોજન માટે ક્યાં ક્યાં પગલાં ભરી શકાય ?



www.gsebonline.com